Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-2, September-2018

# ગુજરાતી સાહિત્યના સુધારક યુગ અને પંડિત યુગના કવિઓની કાવ્યબાની

**ડૉ.સંજય મકવાણા**
એસોસિએટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠઃ રાંધેજા, મો. 9427431670, ઈમેલઃ sanjaymakwana@gujaratvidyapith.org

**ટૂંકસાર**

અર્વાચીન યુગનો પ્રારંભ ઈ.સ.૧૮૧૮ થી એટલે કે ગુજરાત પર અંગ્રેજ સલ્તનત કાયમ થઈ ત્યારથી ગણવામાં આવે છે. પણ આપણે મધ્યકાલીન યુગના છેલ્લા કવિ દયારામનું અવસાન (1852) અને દલપતરામની પ્રથમ કવિતા બાપાની પીપર (1845) ગણીએ તો ગુજરાતી કવિતાનું નવપ્રસ્થાન આ યુગથી થાય છે. ભાવ, ભાષા વિષયનું નાવિન્ય વગેરે જોવા મળે છે. શરૂઆતની ગુજરાતી કવિતામાં સુધારાવાદી વલણ જોવા મળે છે. જેમાં દલપતરામ, નર્મદ આદિ કવિઓ અને ધીમે ધીમે અંગ્રેજી કેળવણીનો પ્રચાર-પ્રસાર થવાથી પંડિત યુગના કવિઓ પણ યુનિવર્સિટી શિક્ષણને કારણે અને અંગ્રેજી સાહિત્યના સંપર્કના પરિણામ સ્વરૂપ કવિતાના વલણમાં આમૂલ ફેરફારો થાય છે. આ બાબાતને ધ્યાનમાં રાખીને સુધારક યુગ અને પંડિત યુગના કવિઓની કવિતાના ઉદાહરણ આપી તેમાંથી કાવ્યત્વની ખોજ કરવામાં આવી છે.

**ચાવીરૂપ શબ્દો**

**ગુજરાતી સાહિત્ય-** ગુજરાતી ભાષામાં સર્જાયેલું સર્જનાત્મક સાહિત્ય. જેમાં પદ્ય અને ગદ્યમાં કવિતા, નવલકથા, ટૂંકી વર્તા, ચરિત્ર, નિબંધ વગેરેને આવરી લેવામાં આવે છે.

**સુધારક યુગ-** ગુજરાતી સાહિત્યમાં સમય-કાળની દૃષ્ટિએ યુગ વિભાજન કરવામાં આવેલ છે. અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં ઈ. સ. 1850 પછીના તબક્કાને જુદા જુદા પેટા યુગ મુજબ સુધારક યુગમાં સર્જાયેલ ગુજરાતી સાહિત્ય એટલે કે ઈ. સ. 1850 થી ઈ. સ. 1885ના સમયગાળામાં સમાજ અને સંસાર સુધારાને કેન્દ્રમાં સાખી સાહિત્યસર્જન શયેલ છે.

**પંડિત યુગ-** સુધારક યુગ પછીના સમયગાળાને પંડિત યુગ તરીકે ઓળખવામાં આવે છે. જેનો સમયગાળો ઈ.સ. 1885 થા ઈ. સ. 1915નો ગણવામાં આવે છે. અંગ્રેજી કેળવણી અને અંગ્રેજી સાહિત્યની અસર આ સમયગાળાના સાહિત્ય પર વિશેષતઃ જોવા મળે છે.

**કવિઓની કાવ્યબાની-** સુધારક યુગ અને પંડિત યુગમાં થઈ ગયેલા મુખ્ય કવિઓની કવિતાને ધ્યાનમાં રાખી તેની કાવ્યબાની એટલે કે ભાવ, ભાષા, વિષયની રજૂઆતને તપાસવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.

**પ્રસ્તાવનાઃ**

ગુજરાતી સાહિત્યમાં અર્વાચીન યુગનો પ્રારંભ ઈ.સ.૧૮૧૮ થી એટલે કે ગુજરાત પર અંગ્રેજ સલ્તનત કાયમ થઈ ત્યારથી ગણવામાં આવે છે. પણ આપણે મધ્યકાલીન યુગના

છેલ્લા કવિ દયારામનું અવસાન (1852) અને દલપતરામની પ્રથમ કવિતા બાપાની પીપર (1845) ગણીએ તો ગુજરાતી કવિતાનું નવપ્રસ્થાન આ યુગથી થાય છે. નવી ઢબની શાળાઓ, મુદ્રણયંત્ર, તાર, ટેલિગ્રાફ, રેલ્વે, વર્તમાન પત્રને કારણે તેમજ અંગ્રેજોના ભારત આગમનથી તેમની અને આપણી બન્ને ભિન્ન સંસ્કૃતિનો સંગમ ઘણા નવાં ઉન્મેષો જન્મવામાં સફળ થયા છે. યુનિવર્સિટીની સ્થાપના, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલ અને ઈન્સ્ટિટ્યુટ મુંબઈમાં કાર્યરત થઈ. અંગ્રેજો એ દાખલ કરેલાં નવા ઉપકરણો, એમની શાસન પદ્ધતિ, રાજકીય સંસ્થાઓ, શિક્ષણ સંસ્થાઓ તથા અંગ્રેજી સાહિત્યનો પ્રભાવ પ્રજાજીવન પર વિશેષ પડ્યો. વિજ્ઞાન અને યંત્રઉદ્યોગનો મહિમા કરતા મૂડીવાદ અને ઉદ્યોગવાદ, પશ્ચિમી ઔદ્યોગિક સંસ્કૃતિ અને વૈજ્ઞાનિક દૃષ્ટિનો વિકાસ જોવા મળે છે. ન્યાય, વહીવટ, તત્ત્વદૃષ્ટિ, ધર્મભાવ, રાજશાસન, નીતિ વગેરે માટેના મોટા પડકારો આ સમયગાળામાં જોઈ શકાય છે. આ સમયગાળાનો રાજકીય ઇતિહાસ પણ આપણે જાણીએ છીએ. જે અંધાધૂધી અને તેમાંથી નવો માર્ગ કાઢવાની શક્તિ દ્વારા પ્રજાભિમુખ શાસકોને પણ બાંધછોડ કરવી પડે છે. તેની વ્યાપક અને સર્વગ્રાહી અસર સાહિત્ય પર પણ જોઈ શકાય છે. ખાસ કરીને કવિતાક્ષેત્રે નવા વિષયો, ભાવ, ભાષાનું સાયુજ્ય અગાઉ કરતાં જુદું અને બદલાયેલું જોવા મળે છે.

**સુધારક યુગ઼:**

સુધારક યુગની શરૂઆતમાં કવિશ્વર દલપતરામ કવિતાક્ષેત્રે આમૂલ પરિવર્તનની ઝાંખી લઈને આવે છે. ઈ.સ.૧૮૪૫માં રચાયેલ ‘બાપાની પીપર’ના મૂળ ભાષાના અવનવા વળાંકો સાથે આપણે ત્યાં થયેલા વર્તમાનપત્રોની શરૂઆત અને અંગ્રેજી ઢબની રીતોમાં જોવા મળે છે. કેટલીક તવારિખો નોંધપાત્ર છે. જેમાં ઈ.સ. ૧૮૨૨માં ‘મુમબઈ સમાચાર’ નામે અઠવાડિક શરૂ થયું ત્યારથી માંડીને ઈ.સ.૧૮૪૮માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, ૧૮૪૯માં ‘અમદાવાદ વરતમાન’ ૧૮૬૦માં ‘અમદાવાદ સમાચાર’, ‘દર બુધવારે ‘બુધવારિયું’ ૧૮૬૩માં સુરતમાંથી ‘ગુજરાત મિત્ર’ એ જનજીવનને મહત્વના વળાંકો આપ્યા છે. અને સાહિત્ય વિસ્તારમાં મહત્વની ભૂમિકારૂપ સાબિત થયું છે. અક્ષરજ્ઞાનની શરૂઆત એ આ યુગનું સૌથી મહત્ત્વનું એકમ સિદ્ધ થાય છે. ૧૮૪૨માં સુરતમાં અને ૧૮૪૯માં અમદાવાદમાં પુસ્તકાલયોની સ્થાપના, ૧૮૫૦માં ‘બુદ્ધિપ્રકાશ’ નામનું સામયિક, ૧૮૫૧માં મુંબઈમાં ‘બુદ્ધિવર્ધક સભાની સ્થાપના’, ‘૧૮૫૬માં ‘બુદ્ધિવર્ધક’ એવું બીજું સામયિક અને ‘મંડળી મળવાથી થતાં લાભો’ જેવાં નિબંધો, ‘ડાંડિયો’ નામક પાક્ષિક, નર્મદના શરૂઆતના બે વ્યાખ્યાનોમાં ‘ઈશ્વરે અવતાર લીધો નથી’ અને ‘પુનર્વિવાહ’ માં તેમની ભાવિ દૃષ્ટિનો પરિચય થાય છે. આવા અનેક પરિબળોની વ્યાપક અસર ગુજરાતી સાહિત્ય અને કવિતા પર જોવા મળે છે.

સૌપ્રથમ કવિ **દલપતરામ ડાહ્યાભાઈ ત્રવાડી**ની વાત કરીએ તો તેઓ ગામઠી નિશાળમાં થોડું ભણ્યા-ના ભણ્યાજેવું જ શિક્ષણ પણ ઘરે કર્મકાંડ-સંસ્કૃતનો વારસો અને નિસર્ગદત્ત શક્તિ દલપતરામની કવિતાને ઉન્મેષ છે. તેમનું પહેલું કાવ્ય ‘બાપાની પીપર’માં ગ્રીષ્મનું સુદીર્ઘ વર્ણન જુઓ, મધ્યકાલીન ભાષાના સ્તર કરતાં જુદા જ અભિગમથી નવા વલણો સિદ્ધ કરે છે.

"વિચારીને વઢવાણથી, લીધો લીંબડી પંથ
વિતક વરણવતા વધે, ગ્રીષ્મ વરણગ્રંથ"

-નો અભિધાર્થ પણ સૂચક છે. શબ્દોના કલાઘાટની પ્રતીક્ષા પણ છે. વિચારીને, વઢવાણથી, વિતક, વરણાવતા, વધે, વરણગ્રંથનો સહજ વર્ણાનુપ્રાસ... અને હજી વિતક-વરણાવતા -ગ્રીષ્મ-વરણ-પંથ વગેરે શબ્દોનું શરૂઆતનું પોત જોઈ શકાય છે. તેમની પ્રારંભિક કવિતા સર્જનમાં 'હડૂલા'ની રચના વિશિષ્ટ છે. ન્હાનાલાલ આ સંદર્ભે નોંધે છે 'હડૂલો એટલે હડુડુડુ કરતો છોડેલો કાવ્ય ગોળો. એને ન હોય મોં કે ન હોય માથું. અન્ત્યાનુપ્રાસ મળે, પાદપૂર્તિ સચોટ સચવાય, કલ્પનાને ધમધમ કરતી જગાડે એવી સાખી તે હડૂલો" સ્વામીનારાયણીય સંસ્કારની ભાત અને વાણીનો સંયમ, સાદાઈ એ પણ એનો ગુણ પછીથી રહ્યો છે. પદ્યના બધા જ બાહ્યઅંગો પર તેમનો પૂરેપૂરો કાબૂ છે. સંસ્કૃતની વૃત્ત પરંપરા અને દેશી ઢાળોનું વૈવિધ્ય પણ તેમની કવિતામાં જોવા મળે છે. અર્થચમત્કૃતિ, શબ્દચમત્કૃતિ, ઉપમા, ઉત્પ્રેક્ષા, ચિત્રપ્રબંધ, પ્રાસ, અનુપ્રાસ વગેરેની અનેક શક્યતાઓ કવિ ઉઘાડી પાડે છે.

તેમની કવિતા વિશેની સુંદરમ્ ની નોંધ જુઓ .."દલપતરામમાં કાવ્યકલા પ્રત્યે સાચો ઉત્સાહ છે, કાવ્યકળાની તે કાળમાં શકય તેમની સાધના છે, અને પોતાની સાદ્યંત કાવ્ય પ્રકૃતિમાં પોતાની મર્યાદાના સ્વીકાર સાથે, વફાદારીપૂર્વક તેનો વિનિયોગ છે. દલપતરામની કળાદૃષ્ટિને મોટી મર્યાદાઓ છે. પણ એ મર્યાદાઓ તેમના પોતાના કરતાં તે કાળના કાળમાનસની જ વિશેષ છે.."

પણ આ સઘળું જોતા તે અર્વાચીન કવિતાના પ્રસ્થાનકાર છે. ગુજરાતી ભાષાની ઈબારતને સંસ્કૃત રૂપમેળવૃત્તો સારી પેઠે અનુકૂળ છે તે એમણે પ્રયોગ કરીને સિદ્ધ કરી બતાવ્યું છે. ઉપજાતિ, મનહર અને ઈન્દ્રવિજય પર તેમનો કાબૂ છે. તેમના મનહરના ઉદાહરણો જાણીતા અને રસપ્રદ રહ્યા છે.

" એક શરણાઈવાળો સાત વર્ષ સુધી શીખી
રાગરાગિણી ગાવામાં વખણાણો છે.
એકને જ જાચું એવી ટેક છેકે રાખી એક
શેઠને રીઝાવી મોંજ લેવાની મંડાણો છે. "

-કે

"ઊંટ કહે આ સમામાં વાંકા અંગવાળા ભૂંડા
ભૂતળમાં પશુઓને પક્ષીઓ અપાર છે."

વગેરે કવિતાઓ ખૂબ જ પ્રચલિત છે. અને તેમાં પણ બોલચાલના શબ્દોને કવિતા છંદ દ્વારા સિદ્ધ કરી બતાવે છે.

દલપતરામની સુદીર્ઘ રચનાઓમા પણ 'વેનચરિત્ર', 'હુન્નરખાનની ચઢાઈ', 'હંસકાવ્ય શતક', 'ફારબસવિરહ', 'રાજવિદ્યાન્યાસ' વગેરેનો સમાવેશ થાય છે. તેમાં પણ સુધારાવાદી માનસ કવિને તેમનું કતૃત્વ કરતા રોકી શકતું નથી. 'ફારબસ વિરહ' દ્વારા શોકપ્રશસ્તિ અને ઘેરા દર્દનું નિરૂપણ પણ તેઓ કરી શકયા છે. દલપતરામનું ઠાવકાપણું અને દીર્ઘપણું તેમની ભાવોત્કટતાનો મુખ્ય અંતરાય છે. ગુજરાતી ભાષા, છંદરચના અને જનસ્વભાવ ઉપર તેમની છાયા વિશેષ ઢળી છે. જે તેના સાંસ્કૃતિક મહત્વનું સાચું ઓજાર છે.

દલપતરામની સાથે અને તેનાથી એક ડગલું કાવ્ય સૃષ્ટિની બાબતમાં સુરતી **નર્મદશંકર લાલશંકર દવે** - નર્મદનું આગળ જ ગણાવી શકાય. 'મારું મન કવિતા તરફ લાગેલું તેથી મને સ્કૂલમાં છોકરાઓ સાથે માથું ફોડવું દુરસ્ત ન લાગ્યું' કહેનાર નર્મદ કવિતા સાથે એકરૂપતા સાધવાનો પ્રયાસ કરે છે. તેમની કવિતાનો મુખ્ય સંબંધ હેઝલિટ કહે છે તેમ જોસ્સો (Passion) અને તર્ક (Fancy and Imagination) સાથેનો છે. નર્મદ પોતે માને છે કે "કવિતા ગદ્યમાં હોય કે પદ્યમાં હોય, પણ વાક્યરૂપી શરીરમાં રસરૂપી જીવ કવિતામાં હોય જ. રાગડાને કવિતા સાથે કોઈ સીધો, મુખ્ય સંબંધ નથી. અને રસ પરથી જ કવિતા સારી નરસી બને. કવિતા જેને વશ છે તે કવિ નથી, જે કવિતાને વશ છે તે કવિ છે." એમ કહી ઈશ્વરદત્ત શક્તિની હિમાયત કરે છે. તેઓ દૃઢપણે માને છે કે કવિતા ન હોત તો સદ્‌ગુણ, પ્રીતિ, સ્વદેશાભિમાન, મિત્રાઈની શી દશા થાત ? તેમની કવિતામાં મુખ્યત્વે સંસારસુધારો, પ્રીતિ, મૈત્રી, સ્વદેશાભિમાન, સત્ય-ન્યાય અને શૌર્યનો લાગણીમય આલેખ જોવા મળે છે. પરંપરા સાથેનું અનુસંધાન જાળવીને નવી દિશાની શોધ આરંભે છે. એક ઉદાહરણ જુઓ,

"ફેરફાર છે જગનોનીમ, વધઘટ ચડતી પડતી નીમ
અકળ કળાનો ના' વે પાર, એ અનુભવ ઉતરે પાર"

જ્ઞાની કવિઓનું અનુસરણ જોઈ શકાય છે. તો ઝૂલણામાં જુઓઃ

"બ્રહ્મ રે બ્રહ્મ રે બ્રહ્મ રે, તાત તું માત તું ભ્રાત તું રે અમાય -
સાથ રહે દુઃખમાં મોતની વેળામાં નર્મદાને દીજે મુક્તિરાય."

-માં નરસિંહની અસર અને નર્મદના પોતાના શબ્દો દ્વારા ભાવમહિમા સુંદર રીતે વ્યક્ત થાય છે. તેમની કવિતામાં 'કુમુદચંદ્ર પ્રેમપત્રિકા'જેવી લાંબી રચનામાં ઔચિત્ય, કલ્પનાબળ અને સંવેદન જોવા મળે છે. સાથે સાથે પ્રેમપત્રિકામાં પત્રનો વિનિયોગ અને ગદ્ય પરિચ્છેદોના સાંધણની નવીનતા જોવા મળે છે.

"કુમુદ જો તું કવિતા કરે દિલ દરદ દરશાવ
ઈશ્વરને નામે અને વરણી જંન સ્વભાવ"

-માં 'દિલ દરદ દરશાવ' ના 'દ' વર્ણ દ્વારા દિલના દર્દની વેદના ઉજાગર કરે છે. પ્રણય કવિતામાં તેમની આત્મલક્ષીતા સૌથી વધારે ઉપસે છે. કવિનું વલણ પણ રોમેન્ટિક, દર્દ, વિરહ વહાલ, મોહ અને પછડાટોની પ્રીતિમાં આસમાની છટાઓ ઝળકાવે છે. નર્મદે પ્રેમના જુદા જુદા ભાવોના નિરૂપણમાં માનવપ્રીતિને ઇશ્વરના માર્ગે લઈ જનારી હૃદય આભા ગણી છે.

"રસ દરિયો હરિએ કર્યો સુખ દુઃખ માન સમાન
દુઃખમાં પણ મીઠાશ રે અંશી કરે રસપાન"

પ્રેમની ઈચ્છા અને તેના આકર્ષણથી અનંત સૃષ્ટિઓ રચાયેલી છે. તેનો મહિમા એમની કવિતામાં કરે છે. તેઓ પ્રેમને કુદરતી લીલા ગણે છે. એવી જ રીતે પ્રકૃતિ તત્ત્વોનો મહિમા પણ કવિ કરે છે. ઋતુ વર્ણનોમાં તેમની બળકટ બાની નિખરે છે.

"અંધારી ઓ રજની સજની મેઘ બિહામણી રે,
વારે વારે દરશન દઈ ચોંકવે દામણી રે..'
ધો ધો ધો ધો ઉદક પડતું પરાણ ઉપર ભારી
દેખી સંધુ કયમ ન રટતું નાથ સાહુ હું નાહી"

સ્પર્શદૃશ્યની સંકુલ છબી અહીં કેવી સહજતાથી નિરૂપાય છે. તેમના વર્ષાચિત્ર વધારે અસરકારક છે. તેમની કવિતાનો જોસ્સો સ્વતંત્રતા અને આદેશાભિમાનમાં વ્યક્ત થયો છે.

"મર્દ તેહનું નામ ચળકતા શસ્ત્રો જોઈ
ઊછળી કરતો હાથ, કીર્તિ ઊજળી મોટી
મર્દ તેહનું નામ, લોહીની નદીઓ દેખી
ધડ માથાં ને હાડ, કાંપતો નહીં જે ટેકી "

'મર્દ તેહનું નામ' ધ્રુવરટણ લઈને કવિ પદ્યમાં પણ ઉત્સાહની રંગત પૂરે છે. કે એમનું 'જય જય ગરવી ગુજરાત' કવિતામાં પણ ગુજરાતની પરંપરા અને સંસ્કૃતિની ઝાંખી થાય છે. નર્મદની કવિતામાં આવતા વર્ણનો અને સમાજ સુધારાની ઝાંખી, પ્રીતિનો મહિમા કવિતાના માધ્યમ દ્વારા વ્યક્ત કરે છે.

આ યુગના મુખ્ય બે સીમાસ્થંભો નર્મદ અને દલપતરામની કવિતા પરંપરા સાથેના અનુસંધાનથી નવીન વિભાવના તરફ ઢાળવાનો સરાહનીય પ્રયાસ છે. અંગ્રેજી કેળવણીની અસર હજુ વ્યાપક થઈ નથી. પણ ભાવ-ભાષાના તરંગોની જમાવટ બહુ થઈ શકી નથી. પોતાની ઘણી મર્યાદાઓ લઈને પણ, તેમનું કર્તવ્ય ધર્મ બજાવવામાં કવિતાનું માધ્યમ તેમને વધારે સારું લાગ્યું છે. આ યુગના અન્ય કવિઓમાં નવલરામ, ભોળાનાથ, હરગોવિંદ કાંટાવાળા વગેરે ગણાવી શકાય.

**પંડિત યુગઃ**

અર્વાચીન યુગના પ્રારંભે આપણે જોયું કે અર્વાચીન કવિતાના દ્વાર ધીમે ધીમે ખૂલવા લાગ્યા. પણ પંડિત યુગની કવિતા ઘણી બધી રીતે સમૃદ્ધિ પામે છે. યુનિવર્સિટીની કેળવણી પામેલા વિદ્વાન સર્જકો, પંઢિતો આ પેઢીના અગ્રણી સર્જક-કવિઓ છે. આ કવિઓ આ યુગની કવિતાનો ક્ષિતિજ વિસ્તારી આપે છે. એની સાથે જ કાવ્યતત્ત્વની સિદ્ધિ અને સમૃદ્ધિ પણ બક્ષે છે. પંડિતયુગની કવિતા કળાતત્વના વિશેષ અને વિવિધ ઉન્મેષો પ્રગટાવે છે. તેથી વ્યાપક અને ઊંડાણસમૃદ્ધ બને છે. કવિતના બે મુખ્ય ગુણધર્મો સૌંદર્ય અને રસપ્રતિ કવિતા હવે વધુ નિશ્ચિતતા અને એકાગ્રતાથી વધુ સમજણપૂર્વક વળતી દેખાય છે.

પંડિત યુગના પ્રારંભે સુધારકયુગની કાવ્યપરંપરા અને વિષયની દૃષ્ટિએ વધુ વિવેક દાખવી કલાપૂર્ણ અભિગમ અપનાવે છે. સમગ્રતયા કાવ્યની ઈબારત અને કાવ્યની વિભાવના ઉભય વિકસતાં, ઘડાતાં, નૂતન પરિવેશ પ્રાપ્ત કરતાં દેખાય છે. સંસ્કૃત, ફારસી અને અંગ્રેજી ભાષા-સાહિત્યનો અભ્યાસ તેમજ એ ભાષાઓની કાવ્ય સાહિત્યની પરંપરા કલાપક્ષને સમૃદ્ધ બનાવે છે. આ યુગનો આરંભ સામાજિક જીવનના સંક્રાન્તિકાળે થાય છે. ભણતર વધે છે, જાગૃતિ આવે છે, કુરિવાજો તૂટે છે, સુધારાનું વલણ દૃઢ બને છે. જીવનમાં એક પ્રકારનતી તાજગી અને ઉત્સાહ આવે છે. માણસ મુક્ત મને વિચારતો થાય છે. તેમનું સંવેદન વધુ મજબૂતાઈથી અભિવ્યક્ત થાય છે. પ્રણય, પ્રકૃતિ, પરમેશ્વર, મસ્ત,-ઉલ્લાસ-ઉમંગના આર્વિભાવ સાથેની કવિતાનો ભાવ, ભાષા, છંદ, અલંકાર, પ્રતીક, કલ્પનની તાજગી જોવા મળે છે.

પંડિતયુગના પ્રારંભે જ મુખ્યત્વે નવલકથાકાર તરીકેને ખ્યાતિ પામેલા **ગોવર્ધનરામ ત્રિપાઠી** પાસેથી કવિતામાં પ્રથમ પત્નીના અવસાન નિમિત્તે સંસ્કૃત શ્લોકોની

રચના 'સ્નેહમુદ્રા'માં પત્ની સાથેના સ્નેહનો સઘન અનુભવ કવિએ વ્યક્ત કર્યો છે. કવિની દીર્ઘાયુતાથી ઊર્મિનું તત્ત્વ નહિવત્ છે. પણ સમગ્ર કાવ્યમાં છંદોવિધાન ધ્યાન ખેંચે છે. પદ્યની પ્રવાહિતા ધ્યાનાર્ષક છે. શાર્દુલવિક્રિડિત, શિખરિણી, મંદાક્રાન્તા, સ્રગ્ધરા, માલિની, દંડી, હરિગીત, ચોપાઈ, તોટક, લાવણી, કટાવ, દોહરો વગેરે તેમજ વ્રજ-હિંદીમાં ભજન અને ગાયનના રાગો, શાસ્ત્રીય સંગીતનો પ્રભાત રાગ પણ તથા તેમણે કરેલો કટાવનો ઉપયોગ સુભગ છે. ઉપરાંત તેમની નવલકથામાં આવતી કાવ્ય પંક્તિઓ તથા છૂટક કેટલીક કવિતાઓની શરૂઆતની કવિની મથામણ રહી છે. પણ અગાઉ કહ્યું તેમ મુખ્યત્વે નવલકથાકાર ગોવર્ધનરામની કવિતાની આ આછેરી ઝલક છે.

આ યુગમાં જેમનું મહત્વનું પ્રદાન કવિતાક્ષેત્રે જોવા મળે છે, તેમાં **નરસિંહરાવ દિવેટીયા** તેમની કવિતા પર અંગ્રેજી ઊર્મિકવિતાની અસર છે. ઉપરાંત સંસ્કૃત ફારસી અને તળપદી કવિતાની અસર પણ ઝીલી છે. પશ્ચિમની ઢબની કવિતાનો જે પ્રયોગો થયા તેમાં નરસિંહરાવની કવિતા શિક્ષણ, સંસ્કારી તથા શુદ્ધ ભાષા માટે ધ્યાન ખેંચે છે. સ્વરૂપ અને વિષયની દૃષ્ટિએ શુદ્ધ પ્રૌઢ ગુજરાતીમાં અંગ્રેજી રીતની ઊર્મિકવિતા કેવો આકાર અને શૈલી ધારણ કરે છે તેના પ્રયોગો કર્યા છે. પ્રકૃતિ-પ્રણય, ભક્તિ અને ચિન્તનનું નિરૂપણ, પરલક્ષિતાનો ભાવ, અપરિચિત મનોવ્યાપાર, હૃદયની ઉત્કટ ભાવના, માનવહૃદયમાં ભાવની ભરતી, રસિક દામ્પત્યજીવન અને પ્રેમનું નિર્મળ સ્વરૂપ વગેરે સંસ્કારી ભાષામાં નિરૂપણ થયું છે.

'ઊજળા આકાશમાં કદી મેઘક્કડો નિરખું
સ્વચ્છન્દ તરતો, કે તરત આ દેહમાંથી હું કૂદું"

એવો હર્ષોલ્લાસ વ્યક્ત કર્યો છે. પ્રકૃતિની માનવજીવન પર થતી અસરનું નિરૂપણ જોઈ શકાય છે. 'મેઘક્કડો' જેવો શબ્દમાં ભાવની મસ્તીનું આલેખન છે. તેઓ પ્રણય કાવ્યોમાં રંગદર્શિતાના સંસ્પર્શતાની અનુભૂતિ કરાવે છે. તેમની પ્રણય કવિતા એકાંગી અને મર્યાદિત છે.

નરસિંહરાવની કવિતામાં વ્યકત થતો ભક્તિભાવ અને ઈશ્વરશ્રદ્ધા પ્રાર્થના સમાજના સંસ્કારમાંથી ઉદ્‌ભવે છે. 'મંગલ મંદિર ખોલો' તેમનું ઈશ્વરાસ્થાનો ગાઢ સ્પર્શ કરાવતું કાવ્ય છે. ' આ વાદ્યને કરુણગાન વિશેષભાવે' ના ભાવથી નવાજાયેલું છે.

"મંગલ મંદિર ખોલો
દયામય ! મંગલ મંદિર ખોલો
જીવનવન અતિ વેગે વટાવ્યું
દ્વાર ઊભો શિશુ ભોળો!"

-ની અદ્‌ભૂત સર્વાનુભૂતિમાં પરિણમે છે. 'પ્રેમ-અમીરસ'ની પ્રાપ્તિ એ કવિનું લક્ષ છે. સમગ્રતયા પ્રકૃતિ કાવ્યો કરતાં ભક્તિ કે પ્રણયની ઊર્મિને વ્યક્ત કરતાં કાવ્યો કે ચિંતનકાવ્યો સવિશેષ સફળ નીવડ્યાં છે.

આજ યુગના **કાન્ત** અને **કલાપી**ની કવિતા ગુજરાતી કવિતામાં જુદી અને અનેરી ભાત પાડે છે. તેમની ઘણી રચનાઓ પ્રાસંગિક અને અંગત લાગણી તેમજ વિચાર વલણના શાબ્દિક આવિષ્કારરૂપ છે. સૌંદર્ય, પ્રણય, મૈત્રી અને ભક્તિની અભિપ્સા તેમજ પ્રસન્નતામાં તેમનું કાવ્યભાવ જગત સમાયેલું છે. 'સાગર અને શશી'નું મૂલ્ય અમૂલ્ય છે. પ્રાસાનુપ્રાસ અને

અલંકરણ સમૃદ્ધ કાવ્યની રમણિયતા સોનેરી છે.

‘ જલધિજલદલ ઉપર દામિની દમકતી,
યામિની વ્યોમસર માંહિ સરતી
કામિની કોકિલા કેલિ કુંજન કરે
સાગરે ભાસતી ભવ્ય ભરતી ”

દૃશ્યકલ્પનોનું સંયોજન આબેહૂબ રીતે કવિ કરી શક્યા છે. ઊર્મિનો તંતુ જીવંત બને છે. ઈન્દ્રિય વ્યત્યયની સંકુલ દૃષ્ટિના ચિત્રો પણ કાન્ત પાસેથી મળે છે.

“અને વનવને, અનેક ગિરિને તટે, સાગરે,
ભરે અનિલ બાળકો વિરલ દિવ્ય તારા સ્વરો”

-માં અનિલને બાળકોરૂપે કલ્પિને ગતિ, શ્રવણ અને દૃશ્યતાની સૃષ્ટિ ઊભી કરે છે. ઈન્દ્રિયગોચર ચિત્રો પ્રતીકાત્મક બની કાવ્યાર્થ ઘૂંટે છે. ‘ચક્રવાક મિથુન’માં જુઓઃ

‘પ્રસરી રહી ચોપાસ શાખા શૈલરાજની’

સંસ્કૃત શૈલીની સાદૃશ્યાલંકારોની યોજના અતિશયોક્તિ કે અન્યોક્તિની કોટિએ પહોંચી પણ જોવા મળે છે.

‘શોભે જેવી શુચિ નિસરતી માનસેથી મરાલી,
વર્ષા કેરાં વિમલ જલમાં નાચતી વા મૃણાલી,
ઓચિંતી વા તનુ ચમકતી મેઘથી જેમ વીજ
બલા તેવી બની ગઈ અરે અદ્‌ભૂત સ્પર્શથી જ”

-માં ઉપમા ચિત્રોનો વિસ્તાર અને વિષયને એના વિશિષ્ટ રૂપગત અંશો સાથે પ્રકાશિત કરે છે.

કાન્તની કવિતામાં આવતા છંદો ગુજરાતી કવિતામાં સિમાચિહ્ન છે. આટલા બધા સંસ્કૃત વૃત્તોને અને આટલી સમર્થતાથી પહેલીવાર યોજે છે એનું ઉત્તમ ઉદાહરણ જુઓ...

“ધીમે ધીમે છટાથી કુસુમરજ લઈ ડોલતો વાયુ વાય”

-માં લયની અર્થપોષકતા સિદ્ધ થઈ છે. તેમના ખંડકાવ્યોમાં છંદની નૂતન તરાહોથી વિશેષ સિદ્ધિ પામ્યા છે.

કાન્તની પ્રણય કવિતામાં ભાવની સઘનતા ધ્યાનાકર્ષક છે. તેમની કવિતામાં પ્રણયની ઝંખના, તલસાટ, નિરાશા, દર્દ વગેરેને ઉત્કટ બનાવે છે.

“પ્રણયની પણ તૃપ્તિ થતી નથી.
પ્રણયની અભિલાષા જતી નથી.”

-આવી માનવ પ્રકૃતિજન્ય સાહજિક વૃત્તિ તો બીજી બાજુ પ્રણયનો આર્તનાદ સંભળાય છે. ‘ચક્રવાક મિથુન’ની પંકિત જુઓઃ

"સદાકાળ સૂર્ય તપતો હોય,
જયાં પ્રભુ પણ વધુ આર્દ્રહૃદય હોય, "

-એવા ‘સદૈવ સૂર્યોજ્જ્વલિત’ પ્રદેશની ઝંખના પણ ચક્રવાકની જ નથી કાન્તના બધા પાત્રોની છે. તેમનો વિશેષ પરિચય ‘ખંડકાવ્ય’ દ્વારા મળે છે. પ્રકૃતિના મનોહર ચિત્રો, પ્રણયભાવની મસ્તી અને ભાષાકર્મની સિદ્ધિ તેમજ છંદ, અલંકાર સમૃદ્ધિથી ગુજરાતી કવિતાનું શિખર બની રહે છે.

આજ અરસામાં **કલાપી**ની કવિતા પણ જુદા જ મિજાજથી પંડિતયુગની કાવ્યભાવનાને પોષકબળ પૂરું પાડે છે.

કલાપીને નાનીવયથી કવિતા કરવાનાનો શોખ હતો. તેમની શરૂઆતની કવિતામાં નર્મદ-દલપતની અસર જોવા મળે છે. પણ પછીથી પ્રણયની રંગીન મનોદશા અને બાલાશંકર- મણિલાલની ગઝલો, કાન્તના ખંડકાવ્યો અને નરસિંહરાવની ઊર્મિકવિતાએ તેમને ઠીક ઠીક મઠાર્યા છે. તેમના લઘુકાવ્યોમાં આકૃતિની સુરેખતાનું સૌષ્ઠવ, મનોહર કલ્પના ચિત્રોની ચમત્કૃતિ, ઊંડા ચિંતનનો ઝંકાર અને સૂક્ષ્મ રસ-સંવિધાનકળાનું અવદ્ય સૌંદર્ય દાખવે છે.

"નદી વહે છે ગિરિથી રમન્તી,
ફૂલો તણા ગીત હજાર ગાતી"

-ની પ્રાસયોજના, નદીના વહેણનું ચિત્ર, ફૂલોનો સ્પર્શ અને સજીવારોપણની સમૃદ્ધિથી મહેકતી કાવ્યલીલાની ઝાંખી છે. તેમની કવિતામાં નવીનભાવો, વિષયો, વિચારો, સંસ્કૃતવૃતો, ભાષા-છંદની તાજગી જોવા મળે છે.

કલાપી મુખ્યત્વે આત્મલક્ષી કવિ છે. ઉપરાંત ‘હમીરજી ગોહિલ’, ‘બિલ્વ મંગળ’ જેવા પરલક્ષી પ્રકારના કાવ્યો પણ મળે છે. તેમનું શ્રેષ્ઠ સર્જન ઊર્મિકવિતામાં છે. તરુણોને સહજ ઝંખના, વ્યથા, કુદરત અને જીવન પ્રત્યેની કોમળતા, પ્રણયની તૃપ્તિલાલસા, અતૃપ્તિની વેદના અને છેલ્લે પ્રભુભક્તિની પ્યાસ, વિકળતાના ભાવોનું આલેખન પણ કર્યું છે. ઊર્મિકાવ્યોમાં તેમણે દીધેલો ચિંતનનો આથો પણ તેમની વિશિષ્ટતા છે. તેમનું હૃદય કુદરત અને પ્રાણીમાત્ર પ્રત્યે કોમળતાથી ભીંજાયેલું રહ્યું છે.

કલાપીના કેટલાંક પ્રેમવિષયક કાવ્યોમાં ભાવ-છંદ-અલંકાર ભાષા આદિની સમૃદ્ધિ ધ્યાન ખેંચે છે.

"સુધાની પ્યાલી આ સહુ તરફ જાણે છલકતી
હવામાં હીરાની ઝગમગ થતી આ રજ ભરી
દિશે તાજુ તાજુ જગત સહુ રોમાંચમય આ !
જુદાઈના કિલ્લા હૃદય થડકે શુ ઢળી જતા ?"

ઉત્પ્રેક્ષાદિ અલંકારથી કવિતા વૈભવની છોળ ઊડે છે. અને શિખરિણી છંદની નજાકત જોવા મળે છે. તેમના કેટલાક કાવ્યોમાં ચિત્રાત્મકતા ઉપરાંત ભાવોની કોમળતા અને માર્દવભરી મધુરતા છવાયેલી છે.

ગઝલ કર્મની વિશેષતાની નોંધ પણ લેવી જોઈએ. અંગત પ્રેમ અને પ્રેમજીવનની બોલતી છબિના દર્શન થાય છે. લાગણીની સચ્ચાઈ અને અનુભૂતિની તીવ્રતા ઉપરાંત પ્રેમનો નિખાલસ એકરાર પણ અનુભવી શકાય છે.

“પેદા થયો છું ઢૂંઢવા તું ને સનમ !
ઉંમર ગુજારી ઢૂંઢતા તું ને સનમ !
પેદા થઈને ના ચૂમી તારી હીના
પેદા થયો છું મોતમાં જાણે સનમ !"

કલાપીનો સૂફી ભાવ વ્યક્ત થાય છે. એની વાણીમાં સાદગી, સરળતા, ભાવની ઊંચાઈ અને

ચિંતનની ગહનતા પ્રગટે છે.

"મિટ્ટી હતો તે આપનો બંદો બનાવ્યો શી રહમ !
માગી ગુલામી આપની, બક્ષી મહોબ્બત શી રહમ !"

ગુજરાતી શબ્દો સાથે ફારસીની બોલબોલા ગઝલકર્મને, કવિતામર્મને અને ભાષાકર્મને સિદ્ધ કરે છે. સમગ્રતયા કલાપીની કવિતામાં ભાવલક્ષીતા અને ભોગલક્ષિતાનું પ્રમાણ વધારે છે. પ્રણય જેવા નાજુક વિષયને વિશાળ ફલક પર મૂકી આપે છે. ભાષા-છંદોને પળોટવાનું કાર્ય તેનો વિશેષ બને છે. વિષયની દૃષ્ટિએ ફરજ, પ્રણય, જીવન-મૃત્યુ, ત્યાગ, વૈરાગ્ય, અશ્રુ, વેદના, વિષાદ-હતાશા, અદ્વૈતભાવ, વિયોગ, મિલન, વિરહ જેવા ભાવોનું નિરૂપણ તેમની આ સમયગાળાની કવિતાની સિદ્ધિ છે.

આ જ યુગમાં વિશેષ અને વિશિષ્ટ પ્રદાન કરનાર કવિઓમાં **બળવંતરાય ઠાકોરનું** યોગદાન પણ નોંધપાત્ર રહ્યું છે. કવિતાકળાના ઊંડા અભ્યાસુ, પ્રકાંડપંડિત બ. ક. ઠાકોરની કવિતા કસાયેલી, ઘડાયેલી છે. એમની આરંભની કવિતામાં કાન્તની લલિત કોમલ પદાવલિનું આકર્ષણ જોવા મળે છે. એમનો આગ્રહ વિચારપ્રધાન કવિતાનો રહ્યો છે. સુદીર્ઘ કાવ્ય માટે પદ્ય અનિવાર્ય છે પણ એ પદ્ય અગેય અને પ્રવાહી હોવું જોઈએ. એ એમનું છંદદર્શન હતું. એક માત્ર પૃથ્વી છંદમાં જ આ પ્રકારનું પદ્ય એમને સૂઝયું અને આ પૃથ્વી-દર્શન એ એમની પિંગલ પ્રતિભાની સર્વશ્રેષ્ઠ સિદ્ધિ છે. તેમનામાં કવિતા અને સંગીતનું દ્વૈત છે. કવિતા માધુર્ય એ અર્થ અને ભાવના આરોહ અવરોહનું અર્થ અને ભાવના પ્રવાહનું લય માધુર્ય છે. અને સંગીત માધુર્યથી ભિન્ન છે એ સિદ્ધ કર્યું. તેમણે કવિતામાં સંસ્કૃત શબ્દો અને લોકબોલીના શબ્દો, રૂઢ પદાવલિની ભંગિઓ અને બોલચાલની ભાષાની ભંગિઓના ચિત્રવિચિત્ર મિશ્રણો હોય એવી ભાષાનો પ્રયોગ કર્યો. નિરંજન ભગત નોંધે છે મ “એમના સોએ નવ્વાણું કાવ્યોમાં દેહદેહી સંબંધમાં ગૌણ પ્રધાનતા આ વિવેકને કારણે અર્થભાવ સંકુલની સુગ્રંથિત એકતા તથા અર્થભાવ સંકુલની નાદસંકુલ સાથેની સુશ્લિષ્ટ સંવાદિતા સિદ્ધ થાય છે. અને એ દ્વારા દેહ અને દેહીનું અદ્વૈત પ્રગટ થાય છે. એથી કાવ્યમાં મૂર્તતા, વાસ્તવિકતા અને સ્પર્શક્ષમતા સિદ્ધ થાય છે. અને કાવ્ય એક કલ્પનારૂપે પ્રગટ થાય છે. બળવંતરાય ગુજરાતી ભાષાના પ્રથમ કલ્પનાવાદી કવિ (imagist Poet) છે. વળી એથી કાવ્ય કલા-આકૃતિ, કલાકૃતિરૂપે પ્રગટ થાય છે અને કાવ્યમાં આકાર પણ સિદ્ધ થાય છે. બળવંતરાય ગુજરાતી ભાષાના પ્રથમ આકારવાદી કવિ (formalist Poet) છે.” આ બળવંતરાય ઠાકોરની કવિતામાં કલ્પન અને આકારનું સત્વ કેવી રીતે ઉત્પન્ન થાય છે તે બતાવે છે. તેમની પ્રકૃતિ કવિતામાં વ્યાપ ઓછો પણ ઊંડાણ વધારે જોવા મળે છે. ભાષાની રીતે સાદ્યંત છંદ-અલંકાર અને રચનારીતિનો મહિમા કરી શકયા છે. ચંદ્રકિરણોને ઝીલતી રેવાનું ચિત્ર જુઓ,

“ઈંદુ જ્યારે મૃદુ શિતલ રશ્મીઅમીરેલ રેલે,
બિંદૂ બિંદૂ તુજ પલપતું જયોતિ ઝીલંત ગેલે,
વ્યોપે હંસાવલિતણિ શકે વ્યોમ પાંખો અનંત,
સ્હામે તું ત્યાં કુમુદસરિતા શી વહે ઉચ્છલંત”

પોતાની હૃદયવ્યથાને કલાઘાટ આપીને નૂતન શબ્દોની લાલિમા પ્રકટ કરાવે છે. કવિની વિશિષ્ટ નિરૂપણ શક્તિ જુઓઃ

"હતાં કાવેરી શાં પ્રથમ વરસોમાં મુજ ત્હમે,
થયાં છો જી રેવા સમય પરિપાકે પ્રિયતમે. "

-માં રેવાનું રૂપક અને પત્નીના પ્રણયની પ્રશંસા કરે છે. સૉનેટ પ્રકારની રચનાની હથોટી દ્વારા પણ સંસ્કૃત, તત્સમ્ શબ્દોની નજાકત અને અંગ્રેજી, દેશીનો ભાવ કવિતાને લાવણ્ય બક્ષે છે. તેમણે કવિતામાં પ્રેમ અને મૃત્યુના અનુભવને એકમેકમાં ગાળી નાખ્યો છે. 'પ્રેમનો દિવસ' અને 'વિરહ' કાવ્યમાં ભાવની તીવ્રતા ઉત્કટ બને છે.

પંડિત યુગનો વધુ એક યશસ્વી કલગી અને એમની કવિતાની ભાષાથી આગવી ભાત ઉપસાવનાર **ન્હાનાલાલ** એ ઉર્મિકવિતા અને ગીત તેમજ કવિતાની પ્રવાહિતા અને ડોલનશૈલી જેવા પ્રયોગો વિશેષ આવિષ્કાર ઊભો કરે છે. એમની વિશિષ્ટ કાવ્યબાનીમાં કવિતા પ્રતિભાનો ચમત્કાર ઝબકે છે. તત્ત્વમાં કવિતા વાણીની કલા હોઈ, સર્જકની પ્રતિભાનો મૂર્ત આવિષ્કાર તેની ભાષા અને લખાવટની અપૂર્વતામાં જોવા મળે છે. ગુજરાતી કવિતા ક્ષેત્રે ન્હાનાલાલનો પ્રવેશ ગુજરાતી ભાષાને કુમાશ અને મીઠાશથી પ્રયોજી શકનાર તરીકે થયો જેનું સુંદર ઉદાહરણ જુઓ :

"ઝાંખુ પ્રકાશિત ચ્હડ્યું વન જો ! હિંડોળે,
ગંભીર ધીર સહકાર અનેરું ડોલે,
પંખીફૂલો મધુ શું પ્રાશી પ્રકાશ પાન
છેડે પ્રભાત તણું ભવ્ય પ્રકૃતિગાન" (પ્રભાત)

-જેવી પંક્તિ સહૃદયભાવ ભાવકોને આનંદ સાક્ષાત્કાર કરાવે છે. શબ્દોની રમણીય પદાવલિ ધ્યાનાર્હ કરાવે છે. શબ્દોની રમણીય પદાવલિ ધ્યાનાર્હ બને છે. તો 'ઝીણા ઝીણા મેહ' ની પંક્તિ જુઓઃ

"મંદ મંદ હેરે મીટડી મયંકની,
હેરો મારા મધુરરસ ચન્દ!!"

-ની કર્ણમધુર વર્ણાનુપ્રાસ અને દીર્ઘસ્વરો તથા અનુસ્વારના સંગીનથી સભર પંક્તિ આસ્વાદ્ય બને છે.

ન્હાનાલાલની કવિતાનો વિશેષ એ સૌંદર્યગાનનો પણ રહ્યો છે. કવિતાના અંતરંગતત્ત્વ સંદર્ભે સૌંદર્યરસની ઝાંખી થયા વિના રહેતી નથી. 'કુલ યોગિની'ની પંક્તિ જુઓઃ

" જેવી તમારા જલમાં વનશ્રી,
તેવી જ મ્હારા ઉરમાં કુલશ્રી "

-નું સુંદર રમણીય ચિત્ર ઉપસાવી આપે છે. પ્રભાતનું સૌંદર્ય જુઓ :

"રજનીની ચૂંદડીના છેડાના હીરલા શા,
ડૂબે છે તારલા આજ ધીમે ધીમે "

-માં 'ધીમે ધીમે 'નો રણકાર, ઉપમાની માયા અને 'રજનીની ચૂંદડી' જેવું સુંદર કલ્પન પ્રયોજીને કવિતાને જીવંત બનાવે છે. તો 'શરદપૂનમ' માંનું-

"લજ્જાનમેલું નિજ મંદ પોપચું કો મુગ્ધ બાલા શરમાવતી આવરે
ને શોભી રહે નિર્મળ નેનની લીલા, એવી ઊગી ચન્દ્રકલા ધીરે ધીરે"

-માં 'ધીરે ધીરે' ઊગતી ચંદ્રકલાનું લાવણ્ય, અને તેનું વર્ણન કવિની કવિપ્રતિભા અને ભાષાકર્મનું દ્યોતક બની રહે છે. સમગ્ર કાવ્યની અવિરત શોભા એ એમનો કવિ પ્રતિભાનો નવોન્મેષ સાક્ષાત્કાર છે.

પ્રકૃતિના અને માનવીય સૌંદર્યને નિરૂપવા એકમેકની સહાય લેતા કવિ પ્રકૃતિનાં રમ્ય અને ભવ્ય સત્ત્વો અને દૃશ્યોનું તેમને પોતાને ખાતર સીધુ આલેખન કરે છે. તેનું એક જુદુ જ રૂપ ન્હાનાલાલ આ રીતે વ્યક્ત કરે છે.

"કાળની દીવાદાંડી સમું,
અવનીના અવધૂત જેવું"
દેવોના દેવત્વે રંગેલું,
કોડામણી કવિતાના કોડ ભર્યું
માંડીશ બ્રહ્મમંદિર સમું રસમંદિર
જગતની રસગંગગોત્રીને ઘાટે"

કવિ પોતે જ આવા 'રસજોગી' હોઈ જીવનમાં માનવીને આનંદાનુભૂતિ કરાવતા 'રસના' એટલે પ્રકૃતિના તેમ માનવીઓના બાહ્યાભ્યંતર સૌંદર્યના તેમજ સ્નેહમાધુર્યના ઉત્સાહી ગાયક બન્યા વિના એ રહી શક્યા નથી. તેમની કવિતામાં ભક્તિગાનનો મહિમા પણ અનેરો છે. 'બ્રહ્મ' અને 'વિરાટ' શબ્દનો પ્રયોગ એ કવિની આભા પ્રગટાવે છે.

"વિરાટનો હિંડોળો ઝાકમઝોળ કે
આભને માથે બાંધ્યા એના દોર"

-જેવું ઉત્તમ કલ્પન કવિની કવિત્વ શક્તિનો પરિચય કરાવે છે. ઉપરાંત સ્વદેશાભિમાન, બાળકાવ્યો, અંજલિ કાવ્યો, કથાત્મક કવિતા દ્વારા શબ્દની અલૌકિક લીલાને ભાષાના સામર્થ્ય વડે સિદ્ધ કરે છે.

**સમાપનઃ**

સુધારક યુગમાં છંદ અને ભાષાના સંબંધ વિશેની વિચારણા નર્મદ અને દલપતરામમાં અસ્પષ્ટ છે. સંસ્કૃતવૃત્તોને કારણે ગુજરાતી કવિતાની ભાષામાં કૃત્રિમતા પ્રવેશે છે. માત્રામેળ છંદો તેમજ વલણ એ ન્યાયની પૂર્તિ કરે છે. જીવનના ક્ષેત્રે વ્યાપેલ અંધકારને દૂર કરવામાં મુખ્ય લક્ષ સર્જક સમક્ષ હતું.

પંડિત યુગના અન્ય કવિઓમાં જેમની પ્રારંભિક અસર જોવા મળે છે. અને ગઝલ સ્વરૂપક્ષેત્રે ઉર્દૂ-ફારસી તથા ગુજરાતી-અંગ્રેજી મિશ્ર પદાવલિનો વિનિયોગ બાલાશંકર કથારિયા અને મણિલાલની કવિતામાં સિદ્ધ થાય છે. તથા ખબરદાર અને દામોદાર ખુશાલદાસ બોટદકરની રચનાઓ પણ લોકહૃદયમાં અનેરુ સ્થાન પામે છે. કુટુંબ અને દામ્પ્યત્યજીવન તથા માંગલ્યના ગાયક બોટાદકરની વાણીનો વૈભવ તેમના લોકબોલી અને પરંપરાગત લોકઢાળ દ્વારા વિશેષ ઉજાગર બન્યા છે. સમગ્રતયા પંડિતયુગની કવિપ્રતિભાને ખીલવવા અંગ્રેજી ભાષા, શિક્ષણ અને અભ્યાસ દ્વારા વિશેષ સિદ્ધ થાય છે. નવા નવા કાવ્યપ્રવાહોને જુદી અને પોતાની રીતે પ્રયોજીને ભાવ-ભાષા દ્વારા પરિપૂર્ણ કરવાનો અથાગ પરિશ્રમ કવિ પ્રતિભાને વિકસાવે છે અને વધુ બળવત્તર બનાવે છે.

**સંદર્ભગ્રંથની યાદીઃ**


1. બૂચ, હસિતઃ કવિ દલપતરામઃ એક અધ્યયન
2. ભટ્ટ, વિશ્ર્વનાથઃ વીર નર્મદ
3. ન્હાનાલાલઃ કવિશ્ર્વર દલપતરામ
4. કાન્તઃ પૂર્વાલાપ (કાવ્યસંગ્રહ)
5. દિવેટિયા, નરસિંહરાવઃ કુસુમમાળા
6. કલાપીઃ કલાપીનો કેકારવ
7. ત્રિવેદી, રમેશઃ અર્વાચીન ગુજરાતી સાહિત્ય પરિષદ
8. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, ગ્રંથઃ 3 અને 4 - ગુજરાતી સાહિત્ય પરિષદ